સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

વિકાસના વિચાર પર ઘૂમ્મસ છવાયું છે
ને હિંદુત્વનું કમોસમી માવઠું છવાયું છે,
છવાયું દંભ-દેખાડાનું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ -
રાષ્ટ્ર પર તકવાદનું વાવાઝોડું છવાયું છે

હાઈકુ

સાચવો તુલા!
'નિર્ભયા'નાં મૂળમાં -
'બેટી બચાવો'

છે મહાલક્ષ્મી,
ને જગત - જનની,
'બેટી બચાવો'

ચિંતન

દદાતિ પ્રતિ ગુહ્યાતિ ગૃહ્યમાખ્યાતિ પૃચ્છતિ ।
ભુંક્તે ભોજયતે ચૈવ ષડવિધે પ્રીતિ લક્ષમણ ॥

'જેમાં માણસ પરસ્પર સારી વસ્તુ આપે છે અને મેળવે છે (ભેટ-સોગાદની આપ-લે) ગુપ્ત વાતો કરે છે અને પૂછે છે (જાણે છે) તથા ભોજન કરે છે અને કરાવે છે. (વાટકી વ્યવહાર) આ છ પ્રીતિ-પ્રેમ-મૈત્રી-સંબંધના લક્ષણો છે.'

મૈત્રી સંબંધમાં પ્રસંગોચિત આપ-લે હોય છે પણ તેમાં ભાવ-તાલ-કિંમત-મૂલ્યની ગણતરી નથી હોતી. વસ્તુની આપ-લે-પ્રેમનું જ પ્રતિકાત્મક સ્વરૂપ છે.

એક એકને ખાદ્ય વાનગીઓ-નાસ્તા-જમણના કહેણ એ પ્રીતિ ભોજન કહેવાય - કોણ કેટલીવાર જમવાનું કહ્યું એની ગણતરી ન હોય..

... જેની પાસે હૃદયનો ઊભરો, સુખદુઃખની વાત નિઃસંકોચ કરી શકાય. સમસ્યાઓ અને આપત્તિની કે તેના ઉકેલ શોધવાની મથામણ, વિશ્વાસપૂર્વક-કરી શકાય એવું સ્થાન એ નિકટની મૈત્રીનું સ્થાન છે.

આમ જેમાં નિઃસ્વાર્થ કોઇ ગણતરી વિનાની આપ-લે હોય, પ્રીતિભોજનનો આનંદ હોય અને હૃદયથી એકમેકના દુખની અભિવ્યક્તિ જેની સાથે થઇ શકે એ 'મૈત્રી' સ્થાન છે.

સુવિચાર

- આપણે આપણા શ્રેષ્ઠ હિતનું સાચું મૂલ્યાંકન કર્યું નથી, પણ બીજા કોઇકના અહિતમાંથી આપણું કંઇક ભલું થશે એવો વહેમ આપણને જાગ્યો છે - એસ. ભટ્ટાચાર્ય
- માણસ હોવું એ 'પોસ્ટ ઓફ પ્રોફિટ' (લાભદાયી સ્થાન) નથી, એ 'પોસ્ટ ઓફ ઓનર' (માનદ સ્થાન) છે. માનદ સ્થાન તરીકે તેનું જતન કરવામાં જ સુખ અને શોભા છે - ભૂપત વડોદરિયા
- માણસે પોતાની જરૂરિયાતો વધારીને કમરતોડ બોજો ઊભો કર્યો છે, એ જરૂરિયાતોનો ગુણાકાર કર્યા કરે છે, અને આ બોજા નીચે હાંફવા માંડે છે અને જીવવાનું ભૂલી જાય છે - રજનીશ
- પ્રેમ એટલે વ્યક્તિઓની બે ભિન્ન પ્રકૃતિ વચ્ચેનું ચે આકર્ષણ, ધિક્કાર એટલે બે વ્યક્તિઓની બે સમાન પ્રકૃતિ વચ્ચે ચ વિરોધભાવ - જનકલ્યાણ
- સ્નેહપૂર્વક સમર્થન કરનારાઓ કરતાં તિરસ્કારપૂર્વક તીર તાકનારાઓની નજરે તમને જાગતા રાખે છે સાવધાન રાખે છે અને દોડતાં પણ રાખે છે - રજનીશ
- જ્યારે તમે નિષ્ફળતાને ખુલ્લી છાતીએ બાથ ભરવા તૈયાર થાવ છો, ત્યારે ઘણુંખરું તે તમારી સાથે કુસ્તી કરવા આવતી જ નથી - સમયસૂત્ર
- આશા કોઇ જ કારણની ઓશીયાળી નથી હોતી, અને હકીકતે આશાનાં કોઇ મા-બાપ હોતા જ નથી, દરેક માણસે તે દત્તક લીધેલી હોય છે - વીલ ડુરાં

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજના રાજાઓ-પ્રધાનશ્રી પહેલાં પોતાની 'સેફટી' પહેલી રાખશે. એમનાં પાણીના બોર-ટાંકી અલગ, લાઇટ બગીચા અલગ-આવું તો અનેક, પ્રજા દુખી થાય તો થાય..

વૈશાલીનગરમાં મોટો ઉત્સવ હતો. બરાબર ત્યારે દુશ્મન દેશે હુમલો કર્યો. નગર મેળા અને ઉત્સવોમાં અસાવધ હતું. દુશ્મનો લૂંટ-ફાંટ, કાપાકાપી કરવા લાગ્યા.

નગરપતિ મહાપાયાન તરત દુશ્મન દેશના સેનાપતિને મળવા ગયો. અને લૂંટફાટ-કાપાકાપી રોકવા વિનંતી કરી. કહ્યું આજે અમારો ધાર્મિક દિવસ છે.'

સેનાપતિ ટિખડી સ્વભાવનો હતો કહ્યું જો - આ ઊંડી નદીમાં તું ડૂબકી માર- જેટલો સમય તું અંદર શ્વાસ રોકીને પડ્યો રહીશ એટલીવાર હું બધી કાપાકાપી-લૂંટ અટકાવી દઇશ. નગરપતિ દોડ્યો. નદીમાં છલાંગ મારી. સેનાપતિએ ખૂન-લૂટ અટકાવી દીધાં.

બધા નદી કાંઠે - નગરપતિ બહાર આવે એની રાહ જોવા લાગ્યા. મિનિટો-કલાકો ડૂબવા લાગી. નગરપતિનું માથું બહાર ન દેખાયું. સેનાપતિએ ડૂબકીમારને બોલાવ્યા. જોયું તો નગરપતિ પાણીમાં એક મોટી શિલા પકડીને મૃત્યુ પામ્યો હતો.

સેનાપતિએ આવા નગરપતિના બલિદાનની કદર કદી વૈશાલી પર હુમલો કરવાનો વિચાર બદલ્યો. બધો લૂંટનો સામાન પાછો આપી - ચાલ્યો ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

'ભગવાનને પામવા હોય તો બધાં જ પ્રયત્નો છોડી ખાલી બેસી રહેજો, ખાલી થઇ જજો, શોધથી ખાલી મનમાં પરમાત્મા ઝળકે છે કારણ કે ખાલી મનમાં કોઇ તરંગો હોતાં નથી, વાસના ન હોય તો તરંગોની દોટ ક્યાં? કંઇ જ પામવું નથી ક્યાંય જવું નથી, તો તનાવ કેવો? બેચેની કેવી? વિશ્રામની એ પરમ દશામાં પરમાત્મા આપણને ચારેબાજુથી ઘેરી લે છે'

સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

ઉત્તરાયણની સવાર કોહરા અને ધુંધથી આછી અને બોઝીલ રહી, બધું જ આર્દ્ર... અને સાંજે આકાશમાં અદ્‌ભૂત નજારો હતો. એક સામટા ઘણાં બધાં તુક્કલ ટમ ટમ કરતાં ઉર્ધ્વ ગતિમાન! મજા આવી! એક પછી એક ધાબા પરથી વછૂટતા દીવાઓ એંકધારી ગતિથી ઉપરને ઉપર ચડતા હતા. આકાશની ચાદર ધીરે ધીરે કોઇ ખેંચી રહ્યું તેવું લાગ્યું. બિલકુલ શાંત-નિરવ ગતિએ કોઇ અગમને - કોઇ અગાધ રહસ્યને જાણવા - જોવા નીકળેલાં જતિ જેવાં તે સૌ હતા. ક્યાંય કોઇ ટકરાવ નહિ, હરીફાઇ નહિ, એક દીવાની બીજાને નીચે પાડવાની નેમ નહિ... બધાયની એક સરખી ઉપર - ઊંચે વધુ ઊંચે ગતિ હતી? અંદરની ઉર્જા તેમની યાત્રાનું ચાલક બળ હતી અને જયારે ચૂપચાપ સફરમાંથી વિદાય લઇ શરીરને ધરતીની માટીના હવાલે કરી દેવાનું!

આદમ અને ઇવ કે મનુના પુત્રો એ જયારે પોતાની જીવનયાત્રા શરૂ કરી હશે ત્યારે આવી જ હશે. સૌ સાથે મળીને પેલા રહસ્યમય તત્ત્વને શોધવા તેને પામવા માટે આત્મિક ઊર્જાના અજવાળે જીવનની સફર ખેડવાની. સતત ઉર્ધ્વગમન કરવાનું. ત્યારે હજી એ રહસ્યમયને નામ નહોતું મળ્યું. પણ તેને પામવાની ઇચ્છા જયારે જીદ બની હરિફાઇમાં પરિણમી ત્યાં બધી મોંકાણ શરૂ થઇ. તેના જુદા નામ અને જુદાં જુદાં સંપ્રદાય વચ્ચે માણસ અટવાઇ ગયો. અને માણસના જીવન સફરની મંઝિલ પર! કારણ કે પહેલાં ધ્યેય સ્પષ્ટ હતું. આત્માનો ઉત્કર્ષ કરી પરમાનંદીય તત્ત્વને પામવું. પણ હવે આપણે ધ્યેયથી ભટકી ગયાં છીએ કારણ કે આપણે અનેક રસ્તાઓ - પથના ઓપ્શન ઊંભા કરી દીધાં છે. જયાં વધારે ચોઇસ હોય છે ત્યાં જ મન વધારે મૂંઝાય છે. મને ખબર છે. અમે જયારે નાના હતાં ત્યારે બહાર જતાં પહેરવાના બે જોડ કરતાં રહેતાં અને એક પછી એકનો વારો કાઢી તે પહેરી લેતાં. આજે કપડાંથી કબાટ ઊભરાય છે. ત્યારે કલાકો એ મથામણામાં જ જાય છે કે, 'શું પહેરું?' કંઇક એવો જ ઘાટ ભગવાનનો - ભગવાન માટે આપણો થયો છે.

તાજેતરમાં પી.કે. ફિલ્મ આવી. ઘણો વિવાદ પણ થયો. તેનો એલિયન હીરો પણ મુંઝાય છે કે ઘણાં બધાં ઇશ્વર એમાંથી કોના શરણે જવું? મને તે એલિયનમાં આજના યુવાનો દેખાય છે. તેઓ પણ સંસ્કૃતિ અને ઇશ્વર બંને માટે મૂંઝાયેલાં છે. પરિણામે સંસ્કારના નામે વિચિત્રતાને અપનાવે છે. અને યુવાનો જ શા માટે આજનો પ્રત્યેક વ્યક્તિ એ રહસ્યમય 'ભગવાન' ના અસ્તિત્વ અને પ્રયોજન અંગે મુંઝાયેલો છે. બશીરબદ્ર કહે છે -

"હર ચહેરેમેં તેરા ચહેરા ઢુંઢકે
તુજકો ખો બૈઠે;
ઘર કા રસ્તા ભૂલ ગયે હમ
ઘર આને કી જલ્દી મેં."

પ્રસિદ્ધ ચિત્રકાર પાબ્લો પિકાસો કહે છે, 'આઇ ડુ નોટ સીક, આઇ ફાઇન્ડ' (હું શોધતો નથી, હું પામું છું.) સત્યને પામવું પડે છે. તે જ રીતે પરમાત્માને પણ પામી લેવાની જરૂર છે, શોધવાની નહિ શોધ્યું કે ચૂક્યાં. પરમાત્માને પામવો હોય તો બધી જ ધારણાઓ છોડી દેવી પડે. ઓશોજી કહે છે કે, 'ભગવાનને પામવા હોય તો બધાં જ પ્રયત્નો છોડી ખાલી બેસી રહેજો, ખાલી થઇ જજો. શોધથી ખાલી મનમાં પરમાત્મા ઝળકે છે. કારણ કે ખાલી મનમાં કોઇ તરંગો હોતાં નથી. વાસના ન હોય તો તરંગોની દોટ ક્યાં? કંઇ જ પામવું નથી ક્યાંય જવું નથી, તો તનાવ કેવો? બેચેની કેવી? વિશ્રામની એ પરમ દશામાં પરમાત્મા આપણને ચારેબાજુથી ઘેરી લે છે.'

પણ આપણને ઇશ્વરને પામવા કરતાં શોધવાની લમણાઝીંક વધારે ફાવે છે એટલે જ એને નામ અને રૂપ માં સ્થાપિત કરીએ છીએ. ખરેખર તો ભગવાન કોઇ મૂર્તરૂપ હોવા કરતાં એક અનન્ય ભાવ હોવાની સંભાવના મને હંમેશા લાગી છે. તેને પૂજવા કરતાં તેને મહેસૂસ કરવાની ભક્તિમાં મને હંમેશા અલોકિકતા લાગી છે. ગાંધીજીને ગરીબીના આંસુમાં એ ભાવ દેખાયો, મધર ટેરેસાને પીડિતોની પીડામાં, મહાપ્રભુ ચૈતન્યને પ્રેમની શ્રદ્ધામાં, દેખાયો એ જ ભાવ આજે અબ્દુલ કલામને વિજ્ઞાનમાં દેખાય છે કે સચીનને પોતાના દેશ માટે રનના ખડકલા કરવાની રમતમાં એ ભાવ મહેસૂસ થાય છે. હવે દરેક જગ્યાએ ક્યાં કોઇ અલગ નામ કે સંપ્રદાયને જોડવાની જરૂર છે? જે કામમાં હું ઓતપ્રોત થઇ જાઉં અને એક નામ વગરનો આનંદ મને મળે ત્યાં ઇશ્વરની અનુભૂતિ જ તો છે! અત્યારે આ લેખ લખતી વખતે પણ કે ઉત્તરાયણના દિવસે આકાશમાં ટહેલતાં દીવાઓ જોતી વખતે પણ મને હિમાલય પરના કૈલાશ પર્વત જેટલો જ રોમાંચ થયો હોય, તો એ રોમાંચ કરાવનારનું નામ એ જ મારા ભગવાનનું નામ છે.

ડો. આઇ.કે. વીજળીવાળાની એક વાર્તા જરા જુદા સંદર્ભે હું કહીશ -

'એક માણસ મેગેઝીન વાંચતો હતો. એની દસેક વર્ષની દીકરી બાજુમાં રમતી હતી. અચાનક એ દીકરીએ પોતાનું રમવાનું પડતું મૂકીને એ માણસને સવાલો પૂછવાનું શરૂ કર્યું. પેલા માણસને એકાદ લેખમાં બરાબરનો રસ પડી ગયો. અને દીકરી તેને વાંચવા દેતી ન હતી. હવે શું કરવું? કંટાળીને એ માણસે મેગેઝીનમાંથી એક પાનું ફાડ્યું. એ પાના પર દુનિયાનો નકશો છાપેલો હતો. બાપે એ પાનું ફાડીને નાના - નાના ટુકડા કરી નાંખ્યા.'

પછી એ ટુકડા પોતાની દીકરીના હાથમાં આપતાં એણે કહ્યું, 'બેટા! તું તારી પઝલ ગેઇમની જેમ આ ટુકડાઓને જોડીને દુનિયાનો આખો નકશો બનાવી આપ. આપણાં પારદર્શક સ્ટીકી બોર્ડ પર આ ટુકડા ચોંટાડીને તું એ કરી શકે. હા, એ માટે તારા ભૂગોળના એટલાસને તું જોઇ શકે. પરંતુ એ જોયા વિના જો તું કરશે તો વધારે સારું ગણાશે. જા જલ્દી ગોઠવવા લાગી જા!'

દીકરીને નવી રમત મળી. એ મોજથી બધા ટુકડા લઇ બાજુના રૂમમાં ગઇ.

'હાશ! હવે નિરાંતે વંચાશે?' એવું વિચારીને પેલા માણસે પગ લાંબા કર્યા. પોતાનું ધ્યાન ફરીથી મેગેઝીન વાંચવામાં પરોવ્યું. એને ખાતરી હતી કે એકાદ કલાક પહેલાં તો દીકરી પાછી નહિ જ આવે.

પરંતુ તેની ધારણા ખોટી પડી! દીકરી તો એક પ્લાસ્ટિકનાં પારદર્શક બોર્ડ પર ટુકડા ચોટાડીને દસેક મિનિટમાં જ પાછી આવી ગઇ. બાપને નવાઇ લાગી. એણે પુછ્યું, 'બેટા! તારી ઉંમરે દુનિયાનો નકશો આટલી વારમાં જ ગોઠવવો શક્ય નથી. વિશ્વના દરેક સ્થળના નામ અટપટા છે. તને ક્યાં સ્થળની બાજુમાં શું આવે તેની ખબર હતી? એ એટલાંસ જોયો હતો?' 'અરે પપ્પા!' મેં એટલાસ પણ નથી જોયો કે દુનિયાના બધા સ્થળોના નામ પણ મને ખબર નથી.' 'તો?' બાપનું આશ્ચર્ય બેવડાયું. 'અરે પપ્પા! એમાં કોઇ મોટી વાત ન હતી. એ પાનની બીજી તરફ ભગવાનનો ફોટો છપાયેલો છે. મને ભગવાનનો ફોટો બરાબર યાદ હતો! મેં ભગવાનના ચહેરાને યાદ કરીને એ મુજબ ટુકડા ગોઠવતી ગઇ અને બસ! બીજી તરફ આખી દુનિયા બરાબર ગોઠવાઇ ગઇ! બોલો, છે ને સાવ સહેલું?' બાપ કાંઇ ન બોલ્યો. પણ સમજી ગયો કે, ભગવાનનો ચહેરો મનમાં બરાબર ગોઠવવા માત્રથી આખી દુનિયા પણ બરાબર ગોઠવાઇ જતી હોય છે!

પણ આપણી દુનિયા ધર્મના નામે અસ્તવ્યસ્ત છે, કારણ કે આપણે તો દરેક દેશના લોકો-સમૂહો-સમાજો પેલા ભગવાનના ફાટેલા ચિત્રને એક-એક ટૂકડો લઇને બેસી ગયાં છીએ અને પેલાં સાત આંધળાઓની જેમ એ દરેક ખંડિત ભાગને જ આપણો ધર્મ અને ભગવાન બનાવી બેઠાં છીએ. એ ટુકડાં જુદા-જુદાં છે. તેને એકઠાં કરી જોડીએ તો કદાચ એક જ ચહેરો બનશે. આપણાં સૌના રહસ્યમયી ઇશ્વરનો જેની શોધમાં - જેને પામવા આપણે સૌ આત્મિક ઉર્જાના ધક્કેથી ઉર્ધ્વમગન કરીએ છીએ! સૂફી કઇ જેનેપ હાતુન કહે છે તેમ -

"મૈં ઝરના હૂં તુમ પાની હો મેરા
મૈં બહતા હૂં તુમસે તુમ તક....
મૈં આંખ હું તુમ રોશની મેરી
મૈં દેખતા હૂં તુમસે તુમ તક....
મૈં એક યાત્રી તુમ પથ મેરા
મૈં જાતાં હૂં તુમસે તુમ તક..."

સંકાંતિ વગરનો જે માસ હોય તેને જ અધિક માસ કહેવામાં આવે છે

● 'રળિયાત ઋતુસેતુ'

'મહા' માસ એટલે કે 'માઘ' માસ - જે કદાપિ 'અધિક માસ' તરીકે કે, કદી પણ 'ક્ષયમાસ' તરીકે ન આવે; કારણ કે, સૂર્યની ગતિવિધિ તથા ખગોળશાસ્ત્રના સ્થાપિત સિદ્ધાંતો અનુસાર - 'મહા' માસમાં હંમેશાં સૂર્યની એક જ સંકાંતિ આવે છે અને આમ સંકાંતિ વગરનો જે માસ હોય તેને જ અધિક માસ કહેવામાં આવે છે.

'મહા' માસના મંડાણ - એટલે કે, 'હેમંત' નું પરિયાણ અને શિશિરની શરૂઆત - આગમન! કડકડતી - થીજવી દેતી કાતિલ ઠંડી ઉચાળા ભરવા માંડે! હા! કયારેક ઓસરતી જતી ઠંડીનો ચમકારો, વિદાય થતી હેમંતની યાદનો ચચરાટ દિલને ઝંઝોળી જાય, તો કયારેક ફૂલગુલાબી એ ઠંડીનાં ઓવારણાં લેવાનું મન થાય! તો વળી કયારેક બપોરનો તીખો તડકો પાનખરનાં એંધાણ લઇને દિલને દઝાડી જાય!

વર્ષાઋતુનાં મીઠાં અમીજળથી સિંચાઇને હેમંતઋતુમાં હર્યુભર્યું અને લીલુકુંજાર જીવન પામેલ વનરાજી, વનસ્પતિઓ, ઝાડપાન અને ફૂલછોડ વૃદ્ધિ પામીને, ઓપી ઊઠતા તેના નજાકત નજારાને કારણે, કો'કોડભરી કન્યાએ જાણે સોળ શણગાર સજ્યા હોય અને કોડભરી નવોઢાએ ઓઢેલ - લ્હેરાતી લીલી ચૂંટણીની માફક મા ધરતી લ્હેરાતી હોય, ત્યાં જ શિશિરનાં પગલાં મંડાય અને વાતાનુકૂલિત વાયરા પલટાય! હેમંતનું સ્વચ્છ સ્વચ્છ અને ભૂરું ભૂરું દિસતું આકાશ કયારેક એકાએક, છૂટી-છવાઇ વાદળીઓથી છવાઇ જાય અને કમોસમી... શ્યામલતા ધારણ કરે અને કમોસમી વરસાદના છાંટણા થાય! આ પલટાયેલાં પવનથી, વૃક્ષો પર શોભતાં, લીલાછમ્મ - નવપલ્લવિત પર્ણો એકાએક પરિપક્વતા ધારણ કરે અને પીળાં પડતાં જાય અને એક પછી એક એમ સર્વે વૃક્ષનો સાથ છોડીને ટપોટપ ખરતાં જાય અને ભોંય પર પછડાય! વૃક્ષો આખરે પર્ણવિહીન બની સાવ સૂકાંભંઠ ભાસે! જાણે કૌમાર્ય વિધવા બનેલ કોઇ કોડીલી કન્યા!

આ કારણ છે પૃથ્વીની પરિક્રમાનું. આ પરિક્રમણ એટલે પરિવર્તન - કુદરતની પરિક્રમા! મનખા અવતારમાં જેમ હરપળ ચઢાવ - ઉતાર, ચડતી પડતી, લીલી-સૂકી આવ્યા કરે છે તેમ કુદરતના સાનિધ્યમાં, તેના ખોળે ખીલતી અને ખેલતી પ્રકૃતિના તત્ત્વોમાં - ઘટકોમાં પણ આ લીલી - સૂકીનું પરિવર્તન - ફેરફાર નિરંતર આવ્યા જ કરે છે! આમ માનવજીવન અને કુદરતનું કાળચક્ર સમાંતર - અવિરત ચાલ્યા જ કરે છે... બસ ચાલ્યા જ કરે છે!

જો આપણે સુખનું સાનિધ્ય માણવા તત્પર અને હરખઘેલા હોઇએ, તો દુઃખને પણ હસતાં હસતાં સ્વીકારવું જ રહ્યું, અને જો તેને હસતાં હસતાં ન સ્વીકારીએ તો રડતાં રડતાં પણ ભોગવ્યા સિવાય છૂટકો જ નથી! તો પછી શા માટે હસતાં હસતાં ન સ્વીકારવું?! તે પ્રમાણે આપણે જો ઋતુરાજ વસંતને હરખભેર આવકારતાં હોઇએ, તો 'શિશિર'ને પણ શા માટે હરખભેર ન આવકારીએ!?

અને એ પણ સાચું જ છે ને!

''જે મારતું એ તારતું શું કમ નથી એ કુદરતી?''

- 'દધિ'

● વક્રોક્તિ

ઉજાળવા તુજ આંગણું રંગોળીએ; રંગો સુલભ,
લીંપવા મુજ ઝૂંપડીને, ગોબરેય બન્યું દુર્લભ!

- 'દધિ'

લીલા રસેશ્વર

કામણગારા કહાન હરિવર થયા લીલાઓ કરી.
બચપન જતાવવા ઘનશ્યામે રીંગણલીલા કરી.
ઘૂંટણથી રીંગણલીલા થકી કર્યું અસુર દમન.
અધરલીલા થકી પૂતનાના ચૂસી લીદા પ્રાન.
ચરણલીલા કરી શરકાસુરનો કર્યો સંહાર.
કૃષ્ણે હસ્તલીલા કરી તૃણાવર્તનો કર્યો સંહાર.
ચિત્તાકર્ષક શક્તિ થકી કૃષ્ણ થયા ચિત્તચોર.
શ્યામ સ્વરૂપ કૃષ્ણ અનુપ સુશૃંગાર સભર.
ગોવર્ધન ટચલીને ધરી કૃષ્ણ થયા ગોવર્ધનધારી.
ગોપીઓ સંગ રાસ રચાવી થયા રાસબિહારી.
પ્રભુલીલા સગુણ સ્વરૂપમાં છે શક્તિ સુધી જ.
કૃષ્ણ રાધા માનલીલા કરી ખેલ ખેલ્યા નિકુંજ.
પુષ્ટિસેવામાં શ્રીડાકોરજીની નિજલીલા છે નિત્ય.
પ્રભુનામ ધામ સરૂપ શ્રીવલ્લભની લીલા છે નિત્ય.

- સુમંત મં. શાહ

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ

શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

આ શહેરમાં...

સર્જન, વિસર્જન કે નવસર્જન શું? જયાં જનતા ઘોરે આ શહેરમાં
સૂરજ આખો ખૂંપીને તરફડી રહ્યો, તુષારબિન્દુઓના આ ઢેરમાં!
લૂંટાઇ જવાય કદાપિ રસ્તે ચાલતાં, ચોરો વગરના આ શહેરમાં!
કયારેક તણાઇ પણ જવાય, ઊમટેલા આંસુઓ ભરી આ નહેરમાં!
ભ્રમર કદાચ કયાંક નજરે ય ન ચડે, ખુશ્બુ ફોરતા આ શહેરમાં!
કયારેક ભૂલા પડી ભટકી જવાય, ધુમ્મસછાયી ગાઢીઆ લહેરમાં!
પાદરે સળગે નિશદિન મસાણ, સૂના માનવહીણા આ શહેરમાં!
કરવટ બદલ્યા કરે 'આહ' ને 'વાહ', પાખંડી - દોરંગી આ કહેરમાં!
કોણે ચડાવ્યાં મંદિર અને મસ્જિદ, માનવતા વિહોણા આ શહેરમાં!
મહોબ્બત આપ્યે કટુતા લાધતી, હળાહળ વિષભર્યા આ શહેરમાં
નજરે નજર ટકરાયે તણખા ઝરે, સાવ લોખંડી આ શહેરમાં!
પ્રેમ કયાંથી પાંગરે, જયાં નફરતનાં વિષ વૃક્ષો ફાલ્યા છે આ શહેરમાં!
શાન્તિએ તો ઉચાળા ભર્યા, અશાંતિએ અડિંગો જમાવતાં આ શહેરમાં!
રહેમિયત ઓજપાઇ ગઇ, ગુન્હાઓથી ધમધમતા આ શહેરમાં!
નભ અને ધરા ચોદિશ દીસતાં ધૂંધળાં, અજંપાભરી આ શહેરમાં!
અઘડિત ઘણું બધું જ બને છે 'દધિ', હરરોજ હવે આ શહેરમાં!

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

ગઝલ લખાઇ જાય છે...

મળે કામગીરી દુનિયામાં મનગમતી
આત્મસંતોષ અનાયાસે મળી જાય છે
મળે મિત્રો મઝાના માનવસેવામાં
મનુષ્યમાત્ર માયાળુ માનવી બની જાય છે
મળે પરોપકારી પ્રેમાળ પડોશી નજીકમાં
સંકટ સમયે પ્રથમસગા આપણા બની જાય છે
મળે ગુણિયલ ગૃહિણી ગૃહલક્ષ્મી ગૃહમંદિરે
સફર જીંદગીની સદા યાદગાર બની જાય છે
મળે રસિક સાહિત્યપ્રેમીઓનું સાનિધ્ય
સાહિત્યસભામાં મઝાની ગઝલ લખાઇ જાય છે.

- ઇશ્વરલાલ દેવશંકર જોષી

વિનાયકને ખાત્રી થઇ ગઇ કે જરૂર પેલો રાકેશ આવ્યો હશે! ભૂતકાળમાં બેચાર વાર આવી ઘેલછા કરેલ. કોકિલા ઘેલી બની ભૂતકાળમાં સરકી જતી અને રાકેશને યાદ કરી પાગલ જેમ વર્તતી

તલપ

- જય ગજ્જર

વિનાયક ચાર દિવસના સેમીનારમાં ઘરે આવ્યો. ઘરનો ડોરબેલ દબાવ્યો. કંઇ જવાબ ન મળતાં બીજી વાર દબાવ્યો. કોકિલાનો જવાબ ન મળતાં એને આશ્ચર્ય થયું. બે ચાર વાર બેલ દબાવે રાખ્યો.

થોડી વાર કોકિલાએ દરવાજો ખોલી પૂછ્યું, "કોનું કામ છે? જરાક તો ધીરજ રાખો ને!"

અઘરવઘર કપડાંમાં સામે ઊભેલી કોકિલાના શબ્દોએ વિનાયકનું આશ્ચર્ય ઓર વધારી દીધું.

વિનાયકે સામો સવાલ કર્યો, "કેમ આવો સવાલ કરે છે? હું વિનુ... તારો વર છું!"

"તો બેલ કેમ માર્યા કરો છો? ચાવી ખોઇ નાખી છે?"

ચાવી શબ્દ સાંભળી વિનાયકને ટાઢક વળી. એના બે હાથ પકડી ચૂમી લેતાં બોલ્યો, "ચાર દિવસે તને જોતાં જાણે ચાર વર્ષ પછી જોતો હોઉં એવું લાગે છે!"

કોકિલા એ વિનાયકનો હાથ તરછોડી ગુસ્સો કરતાં બોલી, "એકલી સ્ત્રીને જોઇ આમ નફ્ટાઇ કરતાં શરમ નથી આવતી?"

"કેમ આમ બોલે છે? હું વિનું છું તારો પ્રેમાળ વર..."

"બે દિવસ પહેલા આ બે હોઠ ભીના કરી સહિયારા સાથનો આસ્વાદ ચખાડી 'બાય' પણ કીધા વિના ચાલ્યો ગયેલો એજ રાકેશ ને?"

અને વિનાયકનો હાથ પકડી સોફા પર ખેંચી જઇ એના બે હાથ પોતાના હાથમાં લઇ અંગુલિઓ રમાડતાં બોલી, "મને ખાતરી હતી કે તું પાછો આવીશ! બોલ ક્યાં ગયો હતો?"

"સુરત પરિષદમાં ગયો હતો. તારી તબિયત સારી નહોતી એટલે નહોતો જવા ઇચ્છતો પણ તે પરાણે મોકલ્યો હતો એ ભૂલી ગઇ?" "કશું જ નથી ભૂલી... બોલ કોણ કોણ મળ્યું હતું? પેલી સુધા... પેલી રંભા તને મળેળાં ને?"

"કેમ આમ સવાલો કરે છે? પાગલ તો નથી થઇ ને?"

"નહિં થઇ હોઇશ તો હવે થઇશ... બે દિવસ પહેલાં જ તું મને હરખઘેલી... અરે પાગલ બનાવીને મઘરાતે તું ક્યાં ચાલ્યો ગયો હતો રાકેશ? આ કેલીને ઘેલી બનાવી છટકી જવાની તારી ટેવ હજુ ગઇ નથી?"

વિનાયક એની નજીક સરકી બોલ્યો, "કોકી, બોલ ઘેર કોઇ આવેલું?"

"તારા વિના બીજું કોણ મને અડી પણ શકે?"

વિનાયકને ખાત્રી થઇ ગઇ કે જરૂર પેલો રાકેશ આવ્યો હશે! ભૂતકાળમાં બેચાર વાર આવી ઘેલછા કરેલ. કોકિલા ઘેલી બની ભૂતકાળમાં સરકી જતી અને રાકેશને યાદ કરી પાગલ જેમ વર્તતી.

એક વાર વિનાયકે ટ્રીક કરી. એને ખૂબ વાઇન પીડવાવી કોલેજના દિવસો યાદ કરાવી પુછેલું, "કોલેજના દિવસોમાં સરિતા મને બહુ પ્રેમ કરતી હતી. મારી પાછળ પાગલ હતી પણ એની શ્યામ ચામડી મને ગમતી નહોતી. એવામાં ગોરા ગાલ અને અણિયાણી આંખો વાળી તું મારા જીવનમાં આવી. હું ધન્ય થઇ ગયો. સાચું કહેજો, બોલ તારા જીવનમાં એવું કંઇ બનેલું?"

"સાચું કહું તો તું માનીશ? ઇર્ષા નહિ કરે ને?"

"પગલી, આટલાં વર્ષનાં સુધી દાંપત્ય જીવન માણ્યા પછી તારો સંગ છોડી શકું ખરો?"

અને નશામાં ચકચૂર કોકિલાએ કોલેજકાળ દરમિયાન રાકેશ સાથેનાં પ્રેમભર્યા અને ઉષ્માભયાર સહિયારા સાથની વાત કરી કહેલું, 'એ સુખ મેં કદી નથી અનુભવ્યું!' એ રાકેશને શોધવા વિનાયક વર્ષોથી તલપી રહ્યો હતો.